સમાજ સુરક્ષા ખાતાની દિવ્યાંગ ગ્રાન્ટ ઈન એઈડ સંસ્થાના કર્મચારીઓને ઉચ્ચતર પગાર ધોરણ મંજુર કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,
હુકમ ક્રમાંક- અપગ/૧૦૨૦૨૦/૩૧૫૪૭૪/છ.૧
સચિવાલય, ગાંધીનગર
તા.૦૮/૦૯/૨૦૨૦.

વંચાણે લીધા:-

(૧) નામદાર હાઈકોર્ટની એસ.સી.એ.નં. ૯૫૧૬/૨૦૧૮ના તા.૧૨/૧૨/૨૦૧૮નો ચુકાદો અને તે અન્વયે થયેલ કન્ટેમ્પ્ટ પીટીશન નં: ૪૫૦/૨૦૧૯ તેમજ એસ.સી.એ.નં. ૪૪૬૨/૨૦૧૯ના તા.૦૮/૦૪/૨૦૧૯નો ચુકાદો અને તે અન્વયે થયેલ કન્ટેમ્પ્ટ પીટીશન નં: ૧૧૯૦/૨૦૧૯ અને એસ.સી.એ.નં.૭૧૭૧/૨૦૨૦નો તા.૦૮/૦૬/૨૦૨૦નો ચુકાદો.

(૨) નાણાં વિભાગનો તા.૧૬/૦૮/૧૯૯૪નો ઠરાવ ક્રમાંક:પગર/૧૧૯૪/૪૫/મ.

(૩) નાણાં વિભાગનો તા.૧૪/૦૮/૧૯૯૮નો ઠરાવ ક્રમાંક:પગર/૧૦૯૮/૪૧/મ.

(૪) નાણાં વિભાગનો તા.૦૨/૦૭/૨૦૦૭નો ઠરાવ ક્રમાંક:પગર/૧૦૨૦૦૭/૬૧૫/મ.

(૫) નાણાં વિભાગનો તા.૧૮/૦૨/૨૦૧૧નો ઠરાવ ક્રમાંક:પગર-૧૦૨૦૦૯-૫૬/પ.એ.(મ).

(૬) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો સરખા ક્રમાંકનો તા.૦૪/૦૯/૨૦૨૦નો હુકમ.

(૭) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો તા.૦૫/૦૨/૨૦૨૦ના પત્ર ક્રમાંક :અપગ/૧૦૨૦૧૮ /૪૯૪૩૩૦/છ.૧.

(૮) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો તા.૧૮/૦૭/૨૦૨૦ના પત્ર ક્રમાંક: અપગ/૧૦૨૦૨૦/ ૧૯૪૭૯૮/છ.૧

(૯) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો તા.૨૮/૦૫/૨૦૦૪નો ઠરાવ ક્રમાંક:મકમ-૧૦૨૦૦૪-ખા-૬૩-છ.

(૧૦) નાયબ નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગરનો તા.૨૧/૦૮/૨૦૨૦નો જા.નં.અપગ/૨૦-૨૧/૫૭૦.

હુકમ-

વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરની પીટીશનોના નામ. હાઈકોર્ટના ચુકાદાઓ અન્વયે વંચાણે લીધેલ ક્રમાંક (૭) અને (૮) પરના વિભાગોના પત્રોથી આ પીટીશનોના પીટીશનર ગ્રાન્ટ ઈન એઇડ સ્વૈચ્છિક સંસ્થાઓના શિક્ષકો/કર્મચારીઓને ઉચ્ચત્તર પગાર ધોરણ મંજૂર કરવાની સૈધ્ધાંતિક મંજૂરી આપવામાં આવેલ છે, જે અન્વયે નાયબ નિયામકશ્રી, સમાજ સુરક્ષા દ્વારા વંચાણે લીધેલ ક્રમાંક (૧૦) પરના પત્રથી આ પીટીશનરો પૈકી કુલ-૮૯ પીટીશનરોનું ઉચ્ચત્તર પગાર ધોરણ મંજૂર કરવા બાબતે દરખાસ્ત કરવામાં આવેલ. તા.૨૧/૦૮/૨૦૨૦ના રોજ વંચાણે લીધેલ ક્રમાંક (૯) પરના વિભાગના તા.૨૮/૦૫/૨૦૦૪ના ઠરાવ અન્વયે અધિક મુખ્ય સચિવશ્રી (સા.ન્યા.)ની અધ્યક્ષ સ્થાને વિભાગના સમિતિ ખંડમાં બેઠક યોજાયેલ હતી. સમિતિ દ્વારા કેસો પરત્વે થયેલ ભલામણો નાણા વિભાગને સમર્થન આપવા દરખાસ્ત કરતાં નાણા વિભાગ દ્વારા

વંચાણે લીધેલ ક્રમાંક (૨) થી (૫) તેમજ નાણા વિભાગના ઉચ્ચતર પગાર ધોરણના વખતો-વખતના ઠરાવોની અનુસૂચિ-૧ મુજબનું પગાર ધોરણ ઉચ્ચતર પગાર ધોરણ તરીકે સ્પષ્ટતા / શરતો સાથે મંજૂર કરવા મંજૂરી આપેલ છે, જે અન્વયે વંચાણે લીધેલ ક્રમાંક (૬) પરના વિભાગના સરખા ક્રમાંકના તા.૦૪/૦૯/૨૦૨૦ના હુકમથી કુલ ૭૫ કર્મચારીઓનું ઉચ્ચત્તર પગાર ધોરણ મંજૂર કરવામાં આવેલ છે તેમજ બાકી રહેલ કર્મચારીઓ પૈકી નીચેના કોષ્ઠકમાં દર્શાવેલ ૯ કર્મચારીઓનું તેઓના નામ સામે દર્શાવેલ કોલમ (૪) મુજબ કોલમ (૫)માં દર્શાવેલ તારીખથી ઉચ્ચત્તર પગાર ધોરણ આથી મંજૂર કરવામાં આવે છે.

| ક્રમ | નામ અને હોદ્દો | મળવાપાત્ર ઉચ્ચતર પગાર ધોરણ | પગાર ધોરણ | ઉચ્ચતર પગાર ધોરણ મળવાપાત્ર તારીખ/રીમાર્કસ |
|---|---|---|---|---|
| (૧) | (૨) | (3) | (૪) | (૫) |
| ૧ | નરેન્દ્રભાઈ કે. શાહ, મદદનીશ શિક્ષક | દ્વિતીય | ૬૫૦૦-૧૦૫૦૦ | ૧૫/૦૬/૨૦૦૧ |
| ૨ | વિનોદચંદ્ર વી. પટણી , મદદનીશ શિક્ષક | દ્વિતીય | ૬૫૦૦-૧૦૫૦૦ | ૦૧/૦૬/૧૯૯૮ |
| ૩ | ચન્દ્રકાન્તભાઈ એમ. લખતરીયા, બ્રેઈલ શિક્ષક | દ્વિતીય | ૯૩૦૦-૩૪૮૦૦ ગ્રે.પે. ૪૬૦૦ | ૦૧/૦૨/૨૦૦૬ |
| ૪ | રશીદાબેન એસ. મરચન્ટ, મદદનીશ શિક્ષક | દ્વિતીય | ૬૫૦૦-૧૦૫૦૦ | ૦૧/૧૧/૨૦૦૩ |
| ૫ | પ્રજ્ઞાબેન પી. ત્રિવેદી, મદદનીશ શિક્ષક | દ્વિતીય | ૬૫૦૦-૧૦૫૦૦ | ૧૪/૦૬/૨૦૦૨ |
| ૬ | હર્ષાબેન એ. ત્રિવેદી, મદદનીશ શિક્ષક | દ્વિતીય | ૬૫૦૦-૧૦૫૦૦ | ૦૬/૧૧/૨૦૦૫ |
| ૭ | ભીખાભાઈ કે. માંડવિયા, સંગીત શિક્ષક | દ્વિતીય | ૬૫૦૦-૧૦૫૦૦ | ૦૧/૦૬/૧૯૯૮ |
| ૮ | અરવિંદભાઈ પી. ભટ્ટ, મદદનીશ શિક્ષક | દ્વિતીય | ૬૫૦૦-૧૦૫૦૦ | ૧૮/૧૧/૨૦૦૧ |
| ૯ | ભરતકુમાર કે. શુક્લ, મદદનીશ શિક્ષક | દ્વિતીય | ૬૫૦૦-૧૦૫૦૦ | ૦૧/૦૬/૧૯૯૮ |

વંચાણે લીધેલ ક્રમાંક (૨) થી (૫) પરના તેમજ વખતો-વખતના નાણા વિભાગના ઠરાવની જોગવાઈને આધીન રહીને પગાર બાંધણી અંગેના વિધિસરના હુકમો નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગરે કરવાના રહેશે.

ઉક્ત તમામ કર્મચારીઓ પાસેથી "તેઓને મળેલ ઉચ્ચતર પગાર ધોરણ, જો પગાર બાંધણી વખતે કે ત્યારબાદ વધું રકમનું ચુકવણું થયેલ હોવાનું જણાશે, તો તે ચુકવણું પરત કરશે" તે મુજબની બાંહેધરી લેવાની રહેશે.

ઉક્ત તમામ ગ્રાન્ટ ઈન એઈડ કર્મચારીઓ સરકારી કર્મચારી જેવા જ લાભો મેળવતા હોઈ, સરકારી કર્મચારીઓને લાગુ પડતાં સેવા વિષયક નિયમો જેવા કે, શિસ્ત અને અપીલ નિયમો, બદલી, રજા, ખાનગી અહેવાલો તથા અન્ય નિયમો સરકારશ્રી નક્કી કરે તે પ્રમાણે બંધનકર્તા રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તા.૩૧/૦૮/૨૦૨૦ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવેલ છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( ડી. સી. પટેલ )
ઉપ સચિવ,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ.

પ્રતિ,

- અધિક મુખ્ય સચિવશ્રી (સા.ન્યા.)ના અંગત મદદનીશશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી (સેવા), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં-૧૬, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સંબંધિત જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ ( મારફતે નિયામકશ્રી, સમાજ સુરક્ષા )
- સંબંધિત જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ ( મારફતે નિયામકશ્રી, સમાજ સુરક્ષા )
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, વિભાગની વેબસાઇટ પર મુકવા વિનંતી સહ.
- સંબંધિત કર્મચારીઓ ( મારફતે નિયામકશ્રી, સમાજ સુરક્ષા )
- ના.સે.અ. સિલેક્ટ ફાઇલ.
- શાખા સિલેક્ટ ફાઇલ.